
# અંડાશયના કેન્સરને સમજીએ



**કેન્સરથી મોટી જિંદગી**
ડો. કૌશલ પટેલ

સપ્ટેમ્બર એ અંડાશયના એટલે કે ઓવેરિયન કેન્સર જાગૃતિ મહિનો છે, જે દર વર્ષે હજારો સ્ત્રીઓને અસર કરતાં કેન્સર વિશે લોકોને શિક્ષિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો સમય છે. એક વરિષ્ઠ ઓન્કોલોજીસ્ટ તરીકે મારું ધ્યેય અંડાશયના કેન્સર વિશે સ્પષ્ટ, સમજવામાં સરળ એવી માહિતી પ્રદાન કરવાનો છે. તે શું છે, તેને કેવી રીતે ઓળખવું અને કઇ કઇ સારવારો ઉપલબ્ધ છે. ચાલો, આ ગંભીર બીમારીને વધુ વિગતમાં સમજીએ.

## અંડાશયનું કેન્સર (Ovarian Cancer) શું છે?

અંડાશયનું કેન્સર અંડાયશમાં શરૂ થાય છે. સ્ત્રીના ગર્ભાશયની બંને બાજુએ બે નાના બદામ આકારના અવયવો આવેલા છે. આ અંગો પ્રજનન માટે જરૂરી છે કારણ કે તેઓ એસ્ટ્રોજન અને પ્રોજેસ્ટેરોન જેવાં ઇંડાં અને હોર્મોન્સ ઉત્પન્ન કરે છે. અંડાયશનું કેન્સર થાય છે ત્યારે અંડાશયના કોષો અનિયંત્રિત રીતે વધવા લાગે છે, ગાંઠ બનાવે છે. જો વહેલી તકે પકડવામાં ન આવે તો આ કેન્સરગ્રસ્ત કોષો શરીરના અન્ય ભાગોમાં ફેલાઇ શકે છે, જે સારવારને વધુ પડકારરૂપ બનાવે છે.

## અંડાશયનું કેન્સર થવાનું કારણ શું હોય શકે?

અંડાશયના કેન્સરનાં ચોકક્સ કારણો હજુ પણ સંપૂર્ણપણે સમજી શકાયાં નથી પરંતુ કેટલાંક જોખમી પરિબળોને ઓળખવામાં આવ્યા છે. અંડાયશનું કેન્સર થવાનું જોખમ ઉંમર સાથે વધે છે, ખાસ કરીને મેનોપોઝ (માસિકસ્રાવ બંધ થયા) પછી. આનુવંશિકતા (Gentics) પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે - જે સ્ત્રીઓ BRCA1 અથવા BRCA 2 જનીનોમાં પરિવર્તન લાવે છે તેઓને વધુ જોખમ હોય છે. અન્ય પરિબળો કે જે યોગદાન આપી શકે છે તેમાં અંડાશય, સ્તન અથવા કોલોરેક્ટલ કેન્સરનો પારિવારિક ઇતિહાસ તેમ જ જીવનશૈલીનાં અમુક પરિબળો, જેમ કે સ્થૂળતા અને હોર્મોન રિપ્લેસમેન્ટ થેરાપીનો ઉપયોગ સામેલ છે.

## લક્ષણો: શું અવગણવું નહીં?

અંડાશયના કેન્સરને ઘણી વાર 'સાયલન્ટ કીલર' કહેવામાં આવે છે કારણ કે તેનાં લક્ષણો સામાન્ય રીતે સૂક્ષ્મ હોય છે અને તેને ઓછી ગંભીર પરિસ્થિતિઓ માટે ભૂલથી ગણી શકાય. જો કે, આ સામાન્ય લક્ષણોને વહેલાસર ઓળખવાથી પરિણામોમાં મોટો ફરક પડી શકે છે. સામાન્ય લક્ષણોમાં નીચેનાનો સમાવેશ થાય છે.

૧. સતત પેટનું ફૂલવું અથવા પેટમાં સોજો
૨. જમતી વખતે ઝડપથી પેટ ભરેલું લાગે.
૩. પેલ્વિક અથવા પેટમાં દુખાવો
૪. પેશાબની આવર્તન અથવા તાકીદમાં વધારો.
૫. અસ્પષ્ટ વજન ફેરફારો, કાં તો ઘટાડો અથવા વધારો.
૬. થાક, પીઠનો દુખાવો અને આંતરડાની આદતોમાં ફેરફાર

આ લક્ષણો અસ્પષ્ટ હોય શકે છે પરંતુ જો તે થોડાં અઠવાડિયાં કરતાં વધુ સમય સુધી ચાલુ રહે તો ડૉકટરને મળવું મહત્ત્વપૂર્ણ છે. સફળ સારવારની શકયતાઓને સુધારવા માટે પ્રારંભિક તપાસ એ ચાવીરૂપ છે.

## સ્ક્રીનીંગ અને પ્રારંભિક તપાસ

સ્તન અથવા સર્વાઇકલ કેન્સરથી વિપરીત, સામાન્ય વ્યક્તિ માટે અંડાશયના કેન્સર માટે કોઇ અસરકારક સ્ક્રીનીંગ ટેસ્ટ નથી. જો કે, ઉચ્ચ જોખમ ધરાવતી સ્ત્રીઓ માટે - ખાસ કરીને જેઓ રોગનો કૌટુંબિક ઇતિહાસ ધરાવે છે અથવા જાણીતું આનુવંશિક પરિવર્તન હોય તો ડૉકટર વધુ વારંવાર દેખરેખ રાખવાની ભલામણ કરી શકે છે. આમાં સામેલ હોય શકે છે :

» Transvaginal Ultrasound (TVUS) એક ઇમેજીંગ ટેસ્ટ કે જે ડૉકટરોને અંડાશય જોવા અને અસાધારણતા શોધવા માટે મદદ આપે છે.

**અંડાશયના કેન્સરનાં ચોકક્સ કારણો હજુ પણ સંપૂર્ણપણે સમજી શકાયાં નથી પરંતુ કેટલાંક જોખમી પરિબળોને ઓળખવામાં આવ્યા છે. અંડાયશનું કેન્સર થવાનું જોખમ ઉંમર સાથે વધે છે, ખાસ કરીને મેનોપોઝ પછી. આનુવંશિકતા પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે**

» CA-125 બ્લડ ટેસ્ટ : આ ટેસ્ટ CA-125 ના સ્તરને માપે છે, એક પ્રોટીન જે ઘણી વાર અંડાશયના કેન્સર ધરાવતી સ્ત્રીઓમાં વધારે હોય છે. જો કે એલિવેટેડ -૧૨૫ સ્તર બિન-કેન્સરગ્રસ્ત પરિસ્થિતિઓને કારણે પણ થઇ શકે છે, તેથી તે ચોકક્સ પરીક્ષણ નથી. વહેલું નિદાન પૂર્વસૂચનને નોંધપાત્ર રીતે સુધારી શકે છે. તેથી સ્ત્રીઓએ તેમનાં જોખમી પરિબળોથી વાકેફ રહેવું જોઇએ અને તેમના આરોગ્યસંભાળ પ્રદાતા સાથે ચર્ચા કરવી જોઇએ.

## નિદાન અને સ્ટેજીંગ

જો અંડાશયના કેન્સરની શંકા હોય તો નિદાનની પુષ્ટિ કરવા અને રોગના તબકકાને નિર્ધારિત કરવા માટે શ્રેણીબધ્ધ પરીક્ષણો કરવામાં આવશે. આ પરીક્ષણોમાં સામેલ હોય શકે છે :

**ઈમેજીંગ ટેસ્ટ :** CT Scan, MRI અને કયારેક PET Scanનો ઉપયોગ અંડાશય અને આસપાસના વિસ્તારોની વિગતવાર છબીઓ બનાવવા માટે થાય છે.

**બાયોપ્સી :** કેન્સરના કોષો જોવા માટે અંડાશય અથવા અન્ય વિસ્તારોમાંથી પેશીઓનો નાનો નમૂનો લેવામાં આવી શકે છે.

**લેપ્રોસ્કોપી :** એક ન્યૂનતમ આક્રમક શસ્ત્રક્રિયા જે ડૉકટરને અંડાશય અને આસપાસના અવયવો જોવા અને પેશીઓના નમૂનાઓ મેળવવાની મદદ આપે છે. સારવાર યોજના નકકી કરવા માટે અંડાશયના કેન્સરનો તબકકો નિર્ણાયક છે. સ્ટેજીંગ રેન્જ સ્ટેજ-૧ (કેન્સર અંડાશય સુધી મર્યાદિત છે) થી સ્ટેજ-૪ (કેન્સર શરીરના દૂરના ભાગોમાં ફેલાયેલું છે.) નિદાનના તબકકામાં વહેલા, સફળ સારવારની તકો વધુ સારી છે.

## મેડિકલ ઓન્કોલોજીસ્ટની સલાહ કયારે લેવી ?

જો તમને અથવા કોઇ પ્રિય વ્યકિતને અંડાશયના કેન્સરનું નિદાન થયું હોય તો શકય તેટલી વહેલી તકે તબીબી ઓન્કોલોજીસ્ટની સલાહ લેવી જરૂરી છે. ઓન્કોલોજીસ્ટ કેન્સરની સારવારમાં નિષ્ણાત છે અને જે જટિલ નિર્ણયો લેવાની જરૂર છે તે માટે તમને માર્ગદર્શન આપી શકે છે. તેઓ તમારી સાથે વ્યકિતગત સારવાર યોજના વિકસાવવા માટે કામ કરશે જે કેન્સરના તબકકા, તમારા એકંદર આરોગ્ય અને અન્ય પરિબળોને ધ્યાનમાં લે છે.

## જીનેટીક મ્યુટેશનને સમજીએ

અંડાશયના કેન્સરમાં આનુવંશિક પરિવર્તન એટલે કે જીનેટીક મ્યુટેશન એક મહત્ત્વપૂર્ણ પરિબળ છે. BRCA 1 અને BRCA 2 જનીનો કોશિકાઓમાં DNA નુકસાનને સુધારવા માટે જવાબદાર છે પરંતુ આ જનીનોમાં મ્યુટેશન (પરિવર્તન) તેમને યોગ્ય રીતે કામ કરતા અટકાવી શકે છે. જેનાથી કેન્સરનું જોખમ વધી જાય છે. BRCA મ્યુટેશન ધરાવતી સ્ત્રીઓમાં 70 વર્ષની ઉંમર સુધીમાં અંડાશયનું કેન્સર થવાની શકયતા 44% જેટલી છે જયારે સામાન્ય વ્યક્તિમાં લગભગ 1.3 % ટકા હોય છે. એક જાણીતું ઉદાહરણ અભિનેત્રી એન્જેલીના જોલી છે. જેમણે BRCA મ્યુટેશન હોવાનું શોધી કાઢયા પછી નિવારક શસ્ત્રક્રિયા કરવાનું પસંદ કર્યું. આ નિર્ણયથી તેણીને સ્તન અને અંડાશયનું કેન્સર થવાનું જોખમ નહીંવત્ થઇ ગયું. અન્ય પરિવર્તનો માટે આનુવંશિક પરીક્ષણ ઉપલબ્ધ છે અને જોખમનું મૂલ્યાંકન કરવા અને નિવારક પગલાનું આયોજન કરવા માટે મૂલ્યવાન સાધન બની શકે છે. (ક્રમશ:)

# કોલકાતાથી લઈને કેરળ: કુકર્મોનું કમઠાણ



**અબીલ ગુલાલ**
જયવંત પંડ્યા

કોલકાતાની આર. જી. કર મેડિકલ કૉલેજ-હૉસ્પિટલમાં મહિલા જુનિયર ડૉક્ટર પર થયેલા બળાત્કારના મુદ્દે આક્રોશ ઓછો થવાનું નામ નથી લઈ રહ્યો. મુખ્ય પ્રધાન મમતા બેનર્જી બળાત્કારીને ફાંસી આપવા વિધાનસભામાં ખરડો લાવવા માગે છે પરંતુ આ કેસમાં વિરોધ પ્રદર્શન કરતા લોકો પર પાણીના શક્તિશાળી પ્રહારથી માંડીને ધમકી અને સર્વોચ્ચમાં કપિલ સિબલ સહિત 20-21 વકીલોની સેના ઉતારવાની વાતો કંઈક બીજી તરફ જ શંકા કરવા પ્રેરે છે.

પ્રશ્ન એ પણ છે કે એક મહિલા વકીલ કવિતા સરકાર બળાત્કારના આરોપી સંજય રોયનો કેસ કેમ લડે છે? રાજકોટ અગ્નિકાંડમાં ગુજરાતના વકીલોએ આરોપીઓનો કેસ નહીં લડવા જાહેરાત કરી હતી. શું આ કેસમાં પણ આવું ન થઈ શક્યું હોત? વળી, એક મહિલા મુખ્ય પ્રધાન કે મહિલા વકીલને કેમ સંવેદના નથી થતી? બળાત્કાર કે મહિલાવિરોધી અપરાધના કેસમાં ઘણી વાર બીજી મહિલાઓ જ ઉશ્કેરતી હોય છે. ઉત્તર પ્રદેશના કનૌજના બળાત્કાર કેસમાં ફઈ જ તેની ભત્રીજીને નોકરી અપાવવા લઈ ગઈ હતી અને તે બહાર ગઈ ત્યારે ભત્રીજી પર સપ નેતા નવાબસિંહ યાદવે બળાત્કાર કર્યો હતો. ફઈના ખાતામાં નવાબસિંહે ચાર લાખ રૂપિયા નાખ્યા હોવાનું પણ બહાર આવ્યું છે.

મહારાષ્ટ્ર-મુંબઈના અતિ ચર્ચિત અભિનેતા સુશાંતસિંહ રાજપૂતના આત્મહત્યા/હત્યા કેસનું કારણ તેની મેનેજર દિશા સાલિયાનની આત્મહત્યા/હત્યા કેસ બતાવ્યું છે અને દિશા સાલિયાન પર એક રાજનેતાના રાજનેતા પુત્ર જે મંત્રી પણ રહી ચૂક્યા છે તેના સહિત કેટલાંક લોકોએ બળાત્કાર ગુજાર્યો હોવાની વાત આવી હતી. તે સમયે એટલી બધી ચર્ચા આ બંને કેસમાં થઈ, મીડિયામાં પાનાંનાં પાનાં અને પ્રાઈમ ટાઈમ ડિબેટ થઈ. યુટ્યૂબ વીડિયો બન્યા. અંતે શું થયું? કેસ તો જીવતો છે, 2023માં એવા અહેવાલો હતા કે દિશા સાલિયાનનો કેસ ફરીથી સરકાર ખોલશે પરંતુ તેવું થયું નથી.

આવું જ આરુષિ તલવાર કેસમાં થયું હતું. નોઇડાના પૂર્વ પોલીસ સુપ્રિટેન્ડન્ટ કે. કે. ગૌતમે કૉર્ટમાં 31 ઑગસ્ટ 2012ના દિને નિવેદન આપતાં કહ્યું હતું કે આરુષિના કાકા દીનેશ તલવારે આરુષિના પૉસ્ટમૉર્ટમ રિપૉર્ટમાં બળાત્કારની વાત છુપાવવા માટે તેમને ફોન કરીને વિનંતી કરી હતી.

પરિવારના સભ્યો જ ઘણી વાર પરિવારની પ્રતિષ્ઠા માટે બળાત્કારની વાત છુપાવવા માગતા હોય છે તો ક્યાંક પરિવારના લોકો જ યૌન શોષણ કરતા હોય છે જે બળાત્કાર કરતાં સહેજે ઓછું નથી. 19 ઑગસ્ટે મલયાલમ ફિલ્મઉદ્યોગમાં યૌનશોષણ અંગે હેમા સમિતિનો અહેવાલ જાહેર કરાયો. આ અહેવાલ પાંચ વર્ષ પછી જાહેર કરાયો. એટલે પ્રશ્ન તો થાય કે શા માટે પાંચ વર્ષ પછી અહેવાલ જાહેર કરાયો?

ફેબ્રુઆરી 2017માં એક લોકપ્રિય મલયાલમ અભિનેત્રી (જે તમિલ અને કન્નડ ફિલ્મોમાં અભિનય માટે પ્રખ્યાત છે) પર કથિત રીતે ચાલતી કારમાં આક્રમણ કરાયું હતું. પાંચ લોકોએ તેનું અપહરણ કરી નાખ્યું હતું. આક્રમણનો વીડિયો બનાવાયો અને તેને ત્યાં જ છોડી દેવાઈ. અભિનેત્રીએ સાહસ કરીને પોલીસમાં ફરિયાદ કરી. તપાસમાં જાણ થઈ કે શક્તિશાળી અને પ્રભાવશાળી મલયાલમ અભિનેતા દિલીપે કેટલાંક લોકો સાથે મળીને અભિનેત્રીને પાઠ ભણાવવા માટે આ ષડયંત્ર કર્યું હતું.

**કોલકાતામાં આર. જી. કર મેડિકલ કૉલેજમાં મહિલા ડૉક્ટર પર બળાત્કારના મુદ્દે હજુ આક્રોશ યથાવત છે. ત્યાં મલયાલમ ફિલ્મોદ્યોગમાં મહિલાઓના યૌન શોષણે આ આક્રોશને વધુ ભડકાવ્યો છે. આરુષિ, દિશા સાલિયાન વગેરે કેસોની જેમ આ કેસો પણ ભુલાઈ જશે?**

તે પછી નવેમ્બર 2017માં ન્યાયમૂર્તિ હેમા, અભિનેત્રી શારદા અને પ્રશાસનિક અધિકારી કે. બી. વલસાલાની હેમા સમિતિ બની જેણે આ બાબતે તપાસ આદરી. તેણે એક નિવેદન આપીને મહિલાઓને આગળ આવવા કહ્યું. તેણે વચન આપ્યું કે મહિલાઓની ગોપનીયતા રાખવામાં આવશે. 80થી વધુ મહિલાઓએ ન્યાયમૂર્તિ હેમાના નેતૃત્વવાળી સમિતિ સમક્ષ પોતાનાં નિવેદનો આપ્યાં અને મલયાલમ ફિલ્મોદ્યોગમાં ચાલતા મહિલાઓના શોષણ અંગે ચોંકાવનારી વાતો કહી.

296 પૃષ્ઠના રિપૉર્ટમાં માત્ર મહિલાઓ જ નહીં, છોકરીઓનો પણ ઉલ્લેખ છે. અર્થાત્ અવયસ્ક છોકરીઓ પણ યૌન ઉત્પીડનનો શિકાર છે. રિપૉર્ટમાં એમ પણ કહેવાયું છે કે મહિલાઓને પાયાની સુવિધાઓ-કપડાં બદલવાનો રૂમ, શૌચાલય વગેરે ઉપલબ્ધ કરાતાં નથી.

આ રિપૉર્ટ પછી એક જાણીતી અભિનેત્રીની ફરિયાદના લીધે CPMના ધારાસભ્ય અને અભિનેતા મુકેશ, અભિનેતા જયસૂર્યા અને એડાવેલા બાબુ સામે FIR કરવામાં આવી છે. મલયાલમ નિર્દેશક રણજીત વિરુદ્ધ એક બંગાળી અભિનેત્રીએ યૌન ઉત્પીડનના આરોપમાં FIR કરાવી છે. આવા કુલ 17 કેસો નોંધાયા છે. સુપરસ્ટાર અભિનેતા મોહનલાલે એસૉસિયેશન ઑફ મલયાલમ મૂવી આર્ટિસ્ટના અધ્યક્ષપદેથી ત્યાગપત્ર આપી દીધો છે. આ રિપૉર્ટથી મલયાલમ ફિલ્મોદ્યોગ હચમચી ગયો છે. દેશભરમાં ખળભળાટ મચી ગયો છે કારણ કે અત્યાર સુધી મલયાલમ ફિલ્મોને માનથી જોવાતી હતી. ઘણી ફિલ્મો રાષ્ટ્રીય પુરસ્કાર પણ મેળવતી હતી.

મૂળ વાત એ છે કે કેટલીક બાબતોને સહજ બનાવી દેવાઈ છે. કોઈ પુરુષ સ્ત્રી/યુવતી/છોકરીને ડીયર, ડાર્લિંગ, બેબી કહે તો તેને સહજ માની લેવાય છે, યુવતી પરિણીત હોય તો તેની પાછળ બહેન ન લગાવે તો વાંધો ઉઠાવતા નથી. ખભે હાથ મૂકીને વાત કરે, એકદમ નિકટ આવીને વાત કરે, વાત-વાતમાં તાળી માગે કે આપે, ગાલ પર હાથ અડાડે, ફૉટો પડાવતી વખતે એકદમ ચોંટીને ઊભા રહે કે કમર પર હાથ મૂકે તો તે સહજ માની લેવાય છે.

હિન્દી ફિલ્મજગતના મોટા નિર્માતા બોની કપૂરનો ઉર્વશી રાઉતેલાને એક ફૉટો શૂટ વખતે અણછાજતી રીતે સ્પર્શતા હોવાનો વીડિયો વાયરલ છે. જો કે ઉર્વશી રાઉતેલાએ તેને અણછાજતી રીતે અડ્યા હોવાનું નકારી કાઢ્યું છે. ફિલ્મઉદ્યોગમાં ટકી રહેવું હોય તો નકારવું જ પડે. અભિનેત્રીઓને ખબર હોય છે કે આવું થવાનું જ છે. શિલ્પા શેટ્ટીને હૉલિવૂડના અભિનેતા રિચાર્ડ ગેરેએ એક જાહેર કાર્યક્રમમાં બળજબરીપૂર્વક જકડી, પકડી અને ચુંબન કર્યું.

અનુસંધાન પાના નં. 3

# કર્ણ ક્રોધે ભરાઈને અર્જુન પર હુમલો કરવા ગયો

**મહાભારત**
શિરીષ પંચાલ

કર્ણ તો આત્મ પ્રશંસામાંથી ઊંચો આવતા જ નથી. તે અર્જુનને મારી નાખીશ એવી વાત કર્યા જ કરે છે. એની આવી ફિશિયારી સાંભળીને કૃપાચાર્યથી બોલ્યા વિના રહેવાયું નહીં. તેઓ યુદ્ધની રાજનીતિ સમજાવે છે. દેશ-કાળથી વિરુદ્ધ થતા યુદ્ધનાં પરિણામ ખરાબ જ આવે. દેશ-કાળ પ્રમાણે યુદ્ધ થાય તો જ એમાં વિજય મળે. આપણી સેનામાં અર્જુનનો બરોબરિયો કોઇ નથી. તે એકલે હાથે કૌરવોનો સામનો કરી શકશે. ખાંડવધનની કથા પ્રચલિત છે. અને તાજેતરમાં જ જયદ્રથ સામે લડીને દ્રૌપદીને છોડાવી હતી. જે જે યુદ્ધ થયાં તેમાં અર્જુનનો જ વિજય થયો હતો. કર્ણને પૂછ્યું- તેં એકલે હાથે કયુ યુદ્ધ જીત્યું હતું? તું ઝેરી સાપને પકડીને તેના દાંત તોડવા માગે છે. ગાંડા હાથી પર સવાર થઇને તું નગર ભણી જવા માગે છે! અર્જુન સાથે યુદ્ધ કરવું એ મૂર્ખતા છે. તેર તેર વર્ષ સુધી અર્જુને ત્રાસ ભોગવ્યો છે અને એટલે હવે તે પિંજરામાંથી છૂટેલા સિંહની જેમ કૌરવોનો નાશ કરશે.

તું એકલો યુદ્ધ કરવાનાં સપનાં ન જોઇશ. યુદ્ધ કરવું જ હોય તો ભીષ્મ, દ્રોણ, અશ્વત્થામા, દુર્યોધન આ બધાની સાથે યુદ્ધ કર. અશ્વત્થામાએ પણ આત્મપ્રશંસા કરતા કર્ણને ઠપકો આપ્યો. અગ્નિ, પૃથ્વી મૌન રહીને કાર્ય કરે છે. અર્જુનની સાથે ભૂતકાળમાં તેં કોઇ યુદ્ધ કર્યું હતું- તે કોઇ વિજય મેળવ્યો હતો? અર્જુન ધૃતરાષ્ટ્ર પુત્રોને માટે કાળ બનીને આવશે. અર્જુન તો રાક્ષસો, દેવતાઓ સામે લડીને વિજય મેળવે છે. તારી હેસિયત શી છે? હવે તમે અર્જુન સામે યુદ્ધ કરો.



ભીષ્મ થોડી સમાધાન વૃત્તિ દાખવ છે, અર્જુન સામે યુદ્ધ કરવું હોય તો બધાએ ભેગાં થવું પડે. બીજા શબ્દોમાં અર્જુન એકલે હાથે લડશે- અને એ રીતે અર્જુનની વીરતા જાહેર કરી. ને ભીષ્મે દ્રોણાચાર્ય અને અશ્વત્થામામાં શસ્ત્રવિદ્યા અને જ્ઞાનનોનો સમન્વય છે. એમ કહ્યું એટલે અશ્વત્થામાને પણ શાંત પાડયા. કુસંપને કારણે ઘણો બધો નાશ સંભવી શકે છે. એટલે દુર્યોધને બધાની ક્ષણા માગી. અર્જુનની સામે દુર્યોધને યુદ્ધ કરવું ન પડે એવી રીતે યુદ્ધ વ્યૂહ કરવા જણાવ્યું. આનો અર્થ પણ એ કે અર્જુનનો સામનો દુર્યોધન કરી નહીં શકે. વળી ગુપ્તવાસનો સમય પૂરો થઇ ગયો છે એટલે અર્જુન હવે ગાયોને આપણી પાસથી લઇ જશે. ભીષ્મે ફરી ગણત્રી કરીને જણાવ્યું કે તેરમું વરસ બરાબર પૂરું થયું છે. એટલું જ નહીં તેરમા વરસ ઉપરાંત ઘણાં દિવસ વીતી ગયા છે. જયાં યુધિષ્ઠિર હોય ત્યાં અધર્મ સંભવે જ નહીં. અર્જુન નહી જૂઠો, નથી તે પરાજિત થવાનો આપણે આપણા ધનની રક્ષા કરવી જોઈએ. આ યુદ્ધમાં આપણને વિજય કેવી રીતે મળશે?

દુર્યોધન તો પોતાના અભિમાનમાં મસ્ત હતો. તે પાંડવોને રાજ્ય આપવા તૈયાર ન હતો. ભીષ્મ હવે યુદ્ધની વ્યૂહરચના સમજાવે છે. એમા તો ચોથો ભાગ સ્તિનાપુર જાય, બીજો ચોથો ભાગ ગાયોને લઇને હસ્તિનાપુર જાય. બાકીની અડધી સેના અર્જુન સામે લડશે. પછી સામે વિરાટ હોય કે ઇન્દ્ર હોય. આપણને તેની પરવા નથી. સેનાની રક્ષા માટે પ્રયત્નો કરવાના, કર્ણ સેનાની આગળ છે,અને હું પોતે સેનની પાછળ રહીશ. આ વ્યૂહરચના કરી. હવે સામે અર્જુન. કૌરવોએ ગાંડીવનો ટંકાર સાંભળ્યો. એટલે દ્રોણાચાર્ય બોલ્યા. 'અર્જુનનું આગમન થયું છે. રથ પર બેઠેલો વાનર પણ ચિચિયારી પાડે છે. અર્જુન ધનુષ બાણ તૈયાર કરી રહ્યો છે. મારા પગ પર અર્જુનના બાણ આવ્યા છે, અને બીજા બે બાણ મારા કાનને સ્પર્શીને જતા રહ્યા છે. આનો અર્થ એ થયો કે તે મને પ્રણામ કરે છે અને યુદ્ધ કરવાની સંમતિ માગે છે.

હવે અર્જુન કોની સામે લડવા માગે છે! ચોક્કસ, એ દુર્યોધન સામે જ લડવા માગે છે. તેને હરાવે એટલે તેઓ પાસે જઇએ અને તેને હરાવીએ પછી જ નગરની દિશામાં જઇ શકાશે.

**અર્જુને ઉત્તરને કહ્યું, તું હવે જલ્દીથી કૌરવો પાછળ ચાલ. કર્ણની રક્ષામાં આસપાસ બધા હતા. અર્જુન સામે વિકર્ણ આવ્યો. પણ તેના પર અર્જુને હુમલો કર્યો એટલે તે ભાગી ગયો બીજા રાજાને પણ ઘાયલ કર્યા. કર્ણના ભાઈનો પણ વધ કર્યો એટલે કર્ણ ક્રોધે ભરાઈને અર્જુન પર હુમલો કરવા ગયો પણ અર્જુન આગળ તેનું કશું ચાલ્યું નહીં**

અર્જુનની વાત સાંભળીને ઉત્તરે અશ્વોને એ દિશામાં હંકાર્યા. કૌરવોને પણ ખ્યાલ આવી ગયો. એટલે દ્રોણાચાર્ય બોલ્યા. અર્જુન તો દુર્યોધનની દિશામાં જવા માગે છે એટલે આપણે તેની પાછળ પાછળ જઇએ ક્રોધે ભરાયેલા અર્જુનનો સામનો કોઇ કરી નહીં શકે અને એટલામાં જ અર્જુન દુર્યોધનની સામે આપી ગયા. ભારે શોર બકોર થવા લાગ્યો ગાયો નગરની દિશામાં ભાગવા લાગી.

હવે કૌરવોએ જોઈ લીધું કે ગાયો મત્સ્યનગરની દિશામાં જઇ રહી છે. અર્જુન દુર્યોધનની દિશામાં જઇ રહ્યો છે. એટલે તેઓ બધા અર્જુન પાછળ ભાગ્યા.

અર્જુને ઉત્તરને કહ્યું, તું હવે જલ્દીથી કૌરવો પાછળ ચાલ. કર્ણની રક્ષામાં આસપાસ બધા હતા. અર્જુન સામે વિકર્ણ આવ્યો. પણ તેના પર અર્જુને હુમલો કર્યો એટલે તે ભાગી ગયો બીજા રાજાને પણ ઘાયલ કર્યા. કર્ણના ભાઈનો પણ વધ કર્યો એટલે કર્ણ ક્રોધે ભરાઈને અર્જુન પર હુમલો કરવા ગયો પણ અર્જુન આગળ તેનું કશું ચાલ્યું નહીં. પરિણામે તે ભાગી ગયો.